# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "B" (2.21) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ–૩૮૪૨૬૫ (ઉ.ગુ.)


પરિપત્ર નંબર :- ૬૬ /૨૦૨૬

વિષય :- યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રોમાં જૂન-૨૦૨૬ના નવા પ્રવેશ અંગે.

સંદર્ભ :- (૧) પરિપત્ર નંબર : ૨૫૪/૨૦૧૯, તારીખ : ૨૬/૧૨/૨૦૧૯

(૨) પરિપત્ર નંબર : ૨૦૯/૨૦૨૧,તારીખ : ૧૬/૦૭/૨૦૨૧

(૩) યુનિ.ની એકેડેમિક કાઉન્સિલની તા.૧૯/૦૨/૨૦૨૬ની સભાના ઠરાવ ક્રમાંક : ૫.૫૬

આ યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, હોમસાયન્સ અને લો કોલેજોમાં ચાલતા વિવિધ વિષયના અનુસ્નાતક કેન્દ્રોમાં સંદર્ભ ૦૧ થી ૦૩ અનુસાર અનુસ્નાતક શિક્ષકની માન્યતા ધરાવતા હોય, તેવા જે તે વિષયમાં ૨ (બે) સ્થાનિક શિક્ષકો હોવા ફરજીયાત છે. જેથી અનુસ્નાતક કેન્દ્રો ધરાવતી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા જે તે વિષયના અનુસ્નાતક કેન્દ્રોના પ્રો.ઇન્ચાર્જશ્રીઓને ખાસ નોધ લેવા સંદર્ભ પરિપત્રથી જણાવવામાં આવેલ છે.

શૈક્ષણિક વર્ષ : ૨૦૨૬-૨૭માં અનુસ્નાતક કેન્દ્રમાં નવા પ્રવેશ આપવા માટે નીચે કોષ્ટક મુજબના આધારો સહિત તારીખ : ૩૦/૦૪/૨૦૨૬ સુધીમાં માહિતી યુનિવર્સિટીને મોકલી આપવી. અનુસ્નાતક શિક્ષકોના માન્યતા પત્રની નકલો અવશ્ય મોકલવી જેની ચકાસણી થયા બાદ યુનિવર્સિટી આપની કોલેજના અનુસ્નાતક કેન્દ્રો પૈકી કયા વિષયના અનુસ્નાતક કેન્દ્રોને પ્રવેશની મંજૂરી આપી શકાય તેમ છે ? તે બાબતે નિર્ણય કરશે. જેથી યુનિવર્સિટીની મંજૂરી મેળવ્યા બાદ જ નવા પ્રવેશ આપી શકાશે. યુનિવર્સિટીની મંજૂરી વિના શૈક્ષણિક વર્ષ : ૨૦૨૬-૨૭માં આપની કોલેજમાં અનુસ્નાતક કેન્દ્રોમાં નવા પ્રવેશ આપનાર અનુસ્નાતક કેન્દ્રોમાં આપેલ પ્રવેશ માટે સંબંધિત કોલેજના આચાર્યશ્રીની અને અનુસ્નાતક કેન્દ્રોના પ્રો.ઇન્ચાર્જશ્રીઓની અંગત જવાબદારી બનશે અને તેવા વિષયના વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન કરી શકાશે નહી. જેની ખાસ નોધ લેવી.

**અનુસ્નાતક કેન્દ્રોમાં શૈક્ષણિક વર્ષ : ૨૦૨૬-૨૭માં નવા પ્રવેશ માટેની માહિતીની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ નં. | વિદ્યાશાખા | વિષય | અનુસ્નાતક કેન્દ્ર શરૂ થયાનું વર્ષ | અનુસ્નાતક શિક્ષકની માન્યતા ધરાવતા અધ્યાપકોના નામ | અનુસ્નાતક શિક્ષકની માન્યતા પત્ર નંબર અને તારીખ | નિવૃત્તિ તારીખ | શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫-૨૬માં અનુ. વિદ્યાર્થી પ્રવેશની સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | | |
| ૨ | | | | | | | | |

કુલસચિવ વતી

નં.એકે/અનુ/ ૪૨૭ /૨૦૨૬

તારીખ : ૨૮/૦૪/૨૦૨૬

પ્રતિ,

૧. આચાર્યશ્રી,અનુસ્નાતક કેન્દ્રો ચલાવતી સંલગ્ન આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, હોમસાયન્સ અને લો ની તમામ કોલેજો.
૨. યુનિવર્સિટી ગ્રંથાપાલશ્રી, હેમ.ઉ.ગુ.યુનિ,પાટણ (ઉદીચ્યમાં પ્રસિધ્ધિ અર્થે)
૩. ઓફિસર ઇન્ચાર્જશ્રી, સબ સેન્ટર,ખેડબ્રહ્મા કેમ્પસ, વડાલી, જિ-સાબરકાંઠા (હેમ.ઉ.ગુ.યુનિ,પાટણ)
૪. સભ્ય સચિવશ્રી, યુનિવર્સિટી સેન્ટ્રલ એડમિશન સેલ, હેમ.ઉ.ગુજ.યુનિ., પાટણ તરફ.
૫. સીસ્ટમ એનાલીસ્ટશ્રી રીઝલ્ટ સેન્ટર , હેમ.ઉ.યુનિ , પાટણ (વેબસાઈટ પર મુકવા સારૂ )
૬. મહેકમ શાખા- હેમ.ઉ.ગુ.યુનિ,પાટણ (પરિપત્રની ફાઈલ અર્થે)
૭. પુછપરછ
૮. સંબંધિત ફાઈલે